# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 2 * નવેમ્બર 2014 * કિં ₹ 10



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત બાળવાર્તાસંગ્રહ 'કીડી કુંજર કરે કમાલ'ના વિમોચન પ્રસંગે
બાળકો દ્વારા નાટ્ય પ્રસ્તુતિ


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ

# બે દાયકાનો જ્ઞાનયજ્ઞ

૧૯૯૩ના જુલાઈ મહિનામાં અમેરિકાના પિટ્સબર્ગ શહેરમાં યોજાયેલા 'જૈના' (જૈન એસોસિયેશન્સ ઑફ નૉર્થ અમેરિકા ઍન્ડ કૅનેડા)માં 'Jainism – Past, Present And Future' વિશે બીજરૂપ વક્તવ્ય આપ્યા બાદ યુનિવર્સિટી ઑફ વર્જિનિયાના અધ્યાપક ડૉ. કે. એલ. સેશાગિરિ રાવ મળવા આવ્યા અને પછી એમણે પિટ્સબર્ગમાં આવેલી 'એન્સાઇક્લોપીડિયા ઑફ હિંદુઇઝમ'ની ઑફિસની મુલાકાત લેવાનું નિમંત્રણ આપ્યું.

ચોપાસ ફેલાયેલી હરિયાળીની વચ્ચે આવેલા એક મકાનમાં આ કાર્યનો પ્રારંભ થયો હતો. એનો પ્રારંભ થયાને માંડ એકાદ વર્ષ વીત્યું હતું. એ સમયે મેં એમને ૧૯૮૫ની બીજી ડિસેમ્બરથી મુ. શ્રી ધીરુભાઈ ઠાકરના નેતૃત્વ હેઠળ ચાલી રહેલી 'ગુજરાતી વિશ્વકોશ'ની પ્રવૃત્તિની વાત કરી. પરસ્પર સમાન ધર્મોનો ભાવ જાગ્યો. એ પછી ગુજરાતી વિશ્વકોશની રચના અને આયોજન વિશે વાત કરી. હજી એમની પ્રવૃત્તિ ધીરે ધીરે આકાર લેતી હોવાથી એમને આ પ્રકારના કાર્યમાં આવનારી સમસ્યાઓ અને ઊભા થનારા પડકારો વિશે જાણવાની સવિશેષ ઉત્સુકતા હતી. એમને મેં વિગતે વાત કરી અને વિશ્વકોશની અનિવાર્યતાઓ બતાવી.

આ સમગ્ર કાર્યનો પ્રારંભ પિટ્સબર્ગમાંથી થયો હતો, એ જાણી મને વિશેષ પ્રસન્નતા થઈ. વાત એવી બની હતી કે પિટ્સબર્ગમાં એક જ મંદિરમાં હિંદુ અને જૈન મૂર્તિઓ રાખવામાં આવી છે અને એની ઉપાસના થાય છે. ૧૯૮૭માં એની પ્રતિષ્ઠા વખતે શ્રી સુશીલ મુનિજી સાથે હૃષીકેશના સ્વામી ચિદાનંદ સરસ્વતી આવ્યા હતા. અભિષેક-પૂજા પછી આ બધા સંતો એકઠા થયા અને એમણે વિચાર્યું કે અહીંનાં યુવાન ભાઈ-બહેનો પાસે હિંદુ ધર્મ વિશેની સાચી માહિતી નથી. પશ્ચિમમાં જે રીતે વર્ગખંડોમાં હિંદુ ધર્મ શીખવવામાં આવે છે, એમાં પુષ્કળ ગેરસમજ, ખોટા ખ્યાલો અને અપૂરતી માહિતી હોય છે. આનો ઉપાય શું ? ત્યારે સ્વામી ચિદાનંદ સરસ્વતીએ કહ્યું કે 'એન્સાઇક્લોપીડિયા ઑફ હિંદુઇઝમ' એ એકમાત્ર આનો ઉત્તર છે. હજારો વર્ષ વીતી ગયા છતાં આપણી પાસે હિંદુ ધર્મનો વિશ્વકોશ નથી; પણ હવે આવનારાં વર્ષોમાં તો હિંદુ ધર્મના વારસા અને એની પ્રાચીન સંસ્કૃતિને યોગ્ય સંદર્ભમાં પ્રમાણભૂત અને માહિતીપૂર્ણ રીતે રજૂ કરે એવા વિશ્વકોશની તાતી જરૂર પડશે; જે જનસામાન્યથી માંડીને વિદ્યાર્થી, શિક્ષકો અને અધ્યાત્મ-જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ રહે.



જગતની ઘણી ધર્મપરંપરાઓ પોતાના વિશ્વકોશ ધરાવે છે, ત્યારે આવી ધરાતલ પર ઊંડો અને ચિરસ્થાયી પ્રભાવ પાડનારી પરંપરાનો વિશ્વકોશની રીતે તૈયાર થયેલો કોઈ કોશ નથી. આ સમયે સ્વામી ચિદાનંદ સરસ્વતીએ આ કાર્યની મુખ્ય બાગડોર ડૉ. કે. એલ. સેશાગિરિ રાવને સોંપી અને એ દિવસે પિટ્સબર્ગમાં 'હિંદુ એન્સાઇક્લોપીડિયા'ની રચનાનું વિચારબીજ રોપાયું. આ ઘણું વિરાટ અને વિકટ કામ હતું. સ્વામી શ્રી ચિદાનંદજીએ આને માટે 'ઇન્ડિયા હેરિટેજ રિસર્ચ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી અને એના એન્સાઇક્લોપીડિયાના કાર્યને માટે ડૉ. રાવને મુખ્ય સંપાદક તરીકે નિયુક્ત કર્યા અને આમ એક વિશાળ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો.

એ પછી ૧૯૯૭માં સિંગાપોરમાં એક કૉન્ફરન્સ નિમિત્તે પૂજ્ય સ્વામી ચિદાનંદ સરસ્વતીની સાથે એક જ ઉતારે રહેવાનું બન્યું અને ત્યારે એમણે સમર્પણ, પ્રાર્થના અને સેવાભાવથી ચાલતા આ જ્ઞાનયજ્ઞની વાત કરી. એ સમયે બીજા ધર્મોએ પોતાના એન્સાઇક્લોપીડિયા પ્રગટ કર્યા હતા; જેમ કે ખ્રિસ્તી ધર્મનો New Catholic Encyclopaedia અને The Encyclopaedia of Judaica, તુર્કી અને ઇન્ડોનેશિયાની સરકારે Encyclopaedias of Islam, શ્રીલંકાની સરકારે Encyclopaedia of Buddhism અને પટિયાળાની પંજાબી યુનિવર્સિટીએ Encyclopaedia of Sikkhism પ્રગટ કર્યા હતા. હિંદુ ધર્મનો પ્રાગૈતિહાસિક કાળનો સમય અને એ પછીનો સાત હજાર વર્ષનો ઇતિહાસ હોવા છતાં એનો કોઈ એન્સાઇક્લોપીડિયા મળતો નહોતો. સ્વામીજીએ નિર્ધાર કર્યો કે આપણી પેઢી, એ પછીની પેઢી અને એ પછી આવનારી દુનિયાની અનેક પેઢીઓને પ્રમાણભૂત, માહિતીપૂર્ણ અને પ્રેરણાદાયી સંદર્ભો સાથે વિશ્વકોશ મળે તેવું આયોજન કરવું.

સ્વામીજીને અવારનવાર કોઈ પ્રશ્ન કરતા કે આવું વિરાટ કાર્ય તમે કઈ રીતે કરી શકશો ? ત્યારે તેઓ થોડી વાર ધ્યાન-મૌનમાં ડૂબી જતા અને કહેતા કે 'આ કાર્ય થશે અને અમે એ કરી શકીશું.'

આ વિશ્વકોશનો હેતુ પ્રમાણભૂત માહિતી સાથે પ્રવાહી અંગ્રેજી શૈલીમાં શિક્ષિત વ્યક્તિ સમજી શકે એવાં અધિકરણો લખવાનો રાખવામાં આવ્યો. એમાં ભારતના પ્રાચીન વારસાને બતાવવાની સાથોસાથ એનો વર્તમાન વિશ્વ સાથેનો સંબંધ પણ ઉજાગર કરવાનું નક્કી કરવામાં આવ્યું. એનાં લખાણો હિંદુ પરંપરા તરફ સંવેદનશીલ હોય, પણ સંકુચિત અભિગમ ધરાવતા ન હોય તેમજ એ બોધ આપતા હોય, પણ એમાં એનું આધ્યાત્મિક તથ્ય પૂરેપૂરું જળવાવું જોઈએ.

આ વિશ્વકોશના સર્જન માટે ૧૯૮૭થી ૧૯૯૨ સુધી સ્વામીજી અને ડૉ. રાવે વિદ્વાનોની શોધને માટે દેશ-વિદેશમાં ભ્રમણ કર્યું. એ પછી ડૉ. રાવ અને વારાણસીની સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી વિદ્યા નિવાસ મિશ્રએ સાથે મળીને એક હજાર જેટલાં અધિકરણોનું 'માસ્ટર લિસ્ટ' તૈયાર કર્યું. એમાં હિંદુ સંસ્કૃતિ, સભ્યતા, આધ્યાત્મિક પરંપરાઓ, ઇતિહાસ, કલાપ્રવૃત્તિ જેવાં બાર જેટલાં મહત્ત્વનાં પાસાંઓને આવરી લેવાયાં. સમય જતાં આમાંનાં કેટલાંક અધિકરણો રદ કર્યાં અને કેટલાંકને અન્ય અધિકરણો સાથે ભેળવી દેવામાં આવતાં. અંતે અગિયાર વૉલ્યૂમમાં સાત હજાર

અધિકરણો નિશ્ચિત કરવામાં આવ્યાં. આનો પ્રારંભ થયો ત્યારે પિટ્સબર્ગના એક મકાનમાં એનું કાર્ય ચાલતું હતું, પરંતુ એ પછી અમેરિકાના કોલંબિયા શહેરમાં આવેલી યુનિવર્સિટી ઑફ સાઉથ કેરોલિનાએ અને વિશેષે તો એના રિલિજિયસ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટે આને માટે સઘળી સુવિધા આપી. છ જેટલી ઑફિસ, પુસ્તકાલય અને અન્ય સગવડોની સાથોસાથ મુલાકાતી વિદ્વાનો આવીને લેખનકાર્ય કરે, એવું આયોજન કર્યું.

ભારતનાં જુદાં જુદાં શહેરોમાં પણ આ કાર્યને માટે નાનાં કાર્યાલયો અથવા તો તજ્જ્ઞોની નિમણૂક કરવામાં આવી. સમય જતાં એમાં ડૉ. કપિલ કપૂર જેવા વિદ્વાનો જોડાયા. બે સહાયક સંપાદકો, છ વિષયલક્ષી સહાયક સંપાદકો અને ચોત્રીસ સભ્યોનું સંપાદક મંડળ સતત કામ કરતું રહ્યું. પોતાની ધર્મયાત્રા દરમિયાન પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ અમેરિકા અને ઇંગ્લૅન્ડમાં આને માટે કથા કરી. પૂ. મોરારિબાપુએ પણ ૧૯૯૭ અને ૧૯૯૮માં આ જ્ઞાનયજ્ઞને માટે કથા કરી. શ્રી શંકરાચાર્ય સ્વામી જયેન્દ્ર સરસ્વતીએ શક્તિયજ્ઞનું આયોજન કર્યું અને સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી સાથેની ધર્મયાત્રા દરમિયાન શ્રી ગોવિંદ ગિરિ અને સંત અમરદાસ બાપુએ પણ આમાં સહયોગ આપ્યો.

વીસ વર્ષના પ્રયાસ પછી ૧૧ વૉલ્યૂમ ધરાવતો અને એક હજાર જેટલા ઇતિહાસવિદ, અધ્યાપકો અને અન્ય વિષયના તજ્જ્ઞો દ્વારા તૈયાર થયેલો દસ હજાર લેખો ધરાવતો ૭૨૧૬ પૃષ્ઠમાં 'એન્સાઇક્લોપીડિયા ઑફ હિંદુઇઝમ' પ્રગટ થયો.

આ પુસ્તકના પ્રારંભે દર્શાવવામાં આવ્યું છે કે પ્રાચીન કંઠ્ય પરંપરા કે લેખિત પરંપરામાં ક્યાંય 'હિંદુ' શબ્દ મળતો નથી. 'હિંદુ' શબ્દ એ તો પર્શિયનોએ આપેલો શબ્દ છે અને એને બદલે આ પરંપરાને અહીં 'સનાતન ધર્મ' તરીકે ઓળખાવવામાં આવી છે, જેને વિશે આ ગ્રંથમાં જુદા જુદા લેખકોએ ઐતિહાસિક પ્રમાણો આપ્યાં છે. આ સનાતન ધર્મ એ ધર્મ નથી, પરંતુ જીવન જીવવાની શાશ્વત શૈલી છે.

આ ગ્રંથમાં હિંદુ ધર્મગ્રંથોનો પ્રભાવ અનુભવનારા વિદેશી વિદ્વાનોની વાત છે તો એની સાથોસાથ ભગવાન બુદ્ધ (બૌદ્ધ ધર્મ), શ્રી આદિનાથ ભગવાન (જૈન ધર્મ) અને અકાલતખ્ત (શીખ ધર્મ)ની વાત પણ મળે છે. અહીં ઉસ્તાદ અલી અકબરખાં, ઉસ્તાદ અલ્લારખાં અને બડે ગુલામ અલીખાં વિશે અધિકરણો મળે છે.

સવિશેષ તો આ ગ્રંથના પ્રારંભે ડૉ. કરણસિંઘની વ્યાપક દૃષ્ટિએ લખાયેલી તત્ત્વસ્પર્શી પ્રસ્તાવના મળે છે. ઉત્કૃષ્ટ મુદ્રણ, ગુણવત્તાયુક્ત કાગળ અને ઉત્તમ બાઇન્ડિંગ ધરાવતો હિંદુ ધર્મનો આ પ્રથમ વિશ્વકોશ સીમાચિહ્નરૂપ બની રહે છે. ગુજરાતી વિશ્વકોશને 'જગન્નાથના રથ' તરીકે ઓળખવામાં આવે છે, જે રથને સહુ કોઈ સાથ આપીને આગળ લઈ જાય છે. અહીં હિંદુ વિશ્વકોશને એક યજ્ઞ તરીકે ઓળખાવ્યો છે અને સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીના અથાક પ્રયત્નોને પરિણામે તથા વિદ્વાનોની જહેમત અને સંતોના સાથને પરિણામે આ યજ્ઞકાર્ય સુપેરે સંપન્ન થયું છે.

– કુમારપાળ દેસાઈ

# વિશ્વ ભયના ઓથાર હેઠળ

ઇસ્લામિક સ્ટેટ ઑવ્ ઇરાક એન્ડ સીરિયા સુન્ની ચરમપંથી સંગઠન છે. જે સીરિયા અને ઇરાકમાં આતંકનો પર્યાય બની ગયું છે. તેની વેબસાઇટ જણાવે છે કે આગામી પાંચ વર્ષમાં તે દુનિયાના તમામ વિસ્તારો પર વિજય મેળવીને એક મુસ્લિમ રાજ્ય (ખિલાફત) સ્થાપિત કરશે. આ ચરમપંથી સંગઠને અમેરિકા અને ઇંગ્લૅન્ડના નાગરિકોને બંધક બનાવી તેમના પર ખોફ ઉતારી તેમનો શિરચ્છેદ કર્યો છે. આ અંગેની કાતિલ નીતિરીતિઓની વીડિયો જાહેરમાં ફરતી કરી છે. તેની સાથે તહરીક-એ-તાલિબાન નામનું પાકિસ્તાનસ્થિત સંગઠન જોડાયું છે. તેનો નેતા અલ-બગદાદી છે, જે આ ઇસ્લામિક સંગઠનની નીતિરીતિઓને કાતિલ અને આક્રમક બનાવી રહ્યો છે. ઇરાક, સીરિયા અને તુર્કીના શિયાઓ અને કુર્દ પ્રજા આ કાતિલ નીતિઓનો મજબૂરીથી ભોગ બની રહી છે. બીજા શબ્દોમાં આ સંગઠન આતંકવાદને વધુ ઘેરો, ગાઢ અને આક્રમક બનાવી તેનો પંજો વિસ્તારી રહ્યું છે.

પશ્ચિમ એશિયાના દેશોમાંથી આતંકનાં મૂળિયાં નાબૂદ થયાં નથી. આતંકની ઘટનાઓ સતત તેનો પંજો પ્રસારી રહી છે. ફેસબુક, ટ્વિટર અને સોશિયલ નેટવર્કિંગ સાઇટો દ્વારા તે લડવૈયાઓની ભરતી કરે છે. યુ-ટ્યૂબ અને અન્ય અદ્યતન સંવહન-સાધનો દ્વારા તે તેના સંદેશા સમર્થકો સુધી ફેલાવે છે. એક સમાચાર મુજબ ઇસ્લામિક સ્ટેટ સંગઠનમાં જોડાવા માટે ૫૦ દેશોના પ્રજાજનો ઇરાક પહોંચી રહ્યા છે. તેમાં જોડાવા માંગતા લોકોની સંખ્યા ખૂબ મોટી છે. તાલીમ માટે તેણે એક લાખ માણસોની ભરતી કરી છે. ઇરાકનું અગત્યનું નગર મોસુલ છે, જેની સેન્ટ્રલ બૅંકમાંથી ૪૩ કરોડ ડૉલરની લૂંટ કરી સંગઠન અમીર પણ બન્યું છે. ઇરાકના બાથ પક્ષના કેટલાક સભ્યોનો તેને સાથ છે. સદ્દામના સમયનાં હથિયારો તેણે પચાવી પાડ્યાં છે જેમાં મિસાઇલોનો પણ સમાવેશ થાય છે. વધુમાં તે સામાજિક ધોરણે નરી બર્બરતાથી કામ લે છે. આ સંગઠને ઉત્તર ઇરાકના મોસુલ શહેર પર જુલાઈ '૧૪માં કબજો કર્યો ત્યારે તે શહેરની તમામ બાળકીઓ અને મહિલાઓનું ફિમેલ જેનિટલ મ્યુટિલેશન એટલે કે સ્ત્રીસુન્નત કરી નાંખવાનો આદેશ ૨૪ જુલાઈએ જારી કરેલો. સ્ત્રીના જનીન અવયવોને કાપી નાંખવાની ક્રૂર રૂઢિને તે ફરીથી જીવિત કરવા ઇચ્છે છે. આ માટે અમાનુષી રીત અપનાવવાનો તેને જરીકે અફસોસ નથી. સ્ત્રીઓ પર પુરુષોનો કાયમી અંકુશ તે બનાવી રાખવા ઇચ્છે છે. આમ તેની નીતિરીતિઓ અતિ કાતિલ અને નરી ઘાતકી છે. સીરિયાના તાબકા નામના સૈન્ય માટેના હવાઈ મથકેથી ભાગી રહેલા ૨૫૦ સીરિયન સૈનિકો, હજારોની સંખ્યામાં કુર્દોને અને અન્ય શિયા મુસ્લિમોને મોતને ઘાટ ઉતારી રહ્યું છે.

ચિંતાની વાત એ છે કે ભારતમાં તેના વતી ઇન્ડિયન મુજાહિદીન આ પ્રકારના લડવૈયાઓની ભરતી કરે છે. જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર અને તમિળનાડુમાંથી ડઝનબંધ ગરીબ મુસ્લિમોની તે આ માટે ભરતી કરી રહ્યું છે. જમ્મુ-

કાશ્મીર રાજ્યમાં આ ઇસ્લામિક સ્ટેટના ધ્વજોએ દેખા દીધી છે. આ અંગે સવેળા જાગવાની તાતી જરૂર છે.

આ ચરમપંથી આતંકવાદી સંગઠનને કાબૂમાં લેવા અમેરિકા કટિબદ્ધ છે. પ્રમુખ ઓબામાએ તે માટે હવાઈ-હુમલાઓનું યુદ્ધ શરૂ કર્યું છે. વ્હાઇટ હાઉસના પ્રેસ-સચિવ જોશ અર્નેસ્ટ જણાવે છે કે યુએનની સલામતી સમિતિની બેઠક બોલાવી પ્રમુખ ઓબામા વિશ્વ નેતાઓ સાથે આ અંગે ચર્ચાવિચારણા કરશે. કૅનેડાની સંસદે એક ઠરાવ દ્વારા હવાઈ હુમલાઓમાં તેની સાથે જોડાવાની બાબતે સંમતિ આપી છે. પણ એક ખાસ બાબત એ છે કે અમેરિકા આ માટે કોઈ ભૂમિગત યુદ્ધ ખેલવાનું નથી. માત્ર હવાઈ-હુમલાઓથી વધુ આગળ ન વધનાર અમેરિકાનું આ પગલું આશ્ચર્યકારક છે. આ કાતિલ સંગઠનને ભૂમિદળ દ્વારા એકલા અમેરિકાથી નહીં પડકારી શકાય એમ તે અપ્રકટપણે માનતું લાગે છે. બ્રિટન, ફ્રાંસ, ઑસ્ટ્રેલિયા, નાટો દેશો અને જર્મની – સૌ તેની સાથે જોડાયા છે. અલબત્ત આવા હવાઈ-હુમલા કેટલા પ્રભાવક નીવડશે તે પ્રશ્ન તો રહે છે જ. લાગે છે કે અમેરિકા અફઘાનિસ્તાન અને ઇરાકના યુદ્ધમાં મળેલા પાઠ બરાબર યાદ રાખી રહ્યું છે. વધુમાં ઇરાક-સીરિયામાં આવેલી નવી સરકારો કમજોર હતી. સદ્દામના પતન પછી ઇરાક આંતરયુદ્ધમાં અટવાયું. તેના વડા શિયાપંથી છે અને ત્યાંના લશ્કરમાં નવી સ્થિતિમાં શિસ્તનો અભાવ પણ હોવાથી પરિસ્થિતિ બેકાબૂ બની છે. અમેરિકા સાથે તુર્કી અને કેટલાંક આરબ રાષ્ટ્રો પણ આ અઘોષિત યુદ્ધમાં સાથે છે. પશ્ચિમ એશિયાના તેલ કે ગૅસની સમસ્યાઓથી આ ઘણી ગંભીર સમસ્યા છે. આ સંગઠનના આયોજકોએ ભારતને તેમનું લક્ષ્યાંક બનાવવાનો ઇરાદો સ્પષ્ટ કર્યો છે. સોશિયલ મીડિયામાં ભારતીય ભાષાઓમાં તેની ભરતી માટેની જાહેરાતો તેની ભયાનકતા સ્પષ્ટ કરે છે. નૅશનલ ઇન્વેસ્ટિગેટિવ એજન્સીના એક દસ્તાવેજ (ડૉસિઅર) અનુસાર આ સંગઠન અને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને ૩૦૦ યુવાનોની અહીંથી ભરતી કરી છે. વધુમાં પશ્ચિમ ઉત્તરપ્રદેશનાં તોફાનો જાતિવાદી ધ્રુવીકરણનો નિર્દેશ કરે છે. ઉત્તરપ્રદેશની અર્થહીન (ઍબ્સર્ડ) 'લવ જિહાદ' લોકોની સ્મૃતિમાંથી ઝટ ભૂંસી શકાય ખરી ? આ બધાંનો એક માત્ર ઉપાય એ છે કે મુસ્લિમ જનતાને ખાતરી આપતા જ રહેવી પડશે તેમજ તેમને સહીસલામતી પણ પૂરી પાડવી જ જોઈએ. વધુમાં દેશોનું યુવાધન સંચાલકીય પ્રથા અને વ્યવસ્થામાંથી બહાર હોવાનું અનુભવે છે. અહીં કુર્દ મહિલાઓની શૂરવીરતા ઉદાહરણ-રૂપ છે. જેમણે સીરિયાના પહાડી વિસ્તારોમાં મુસ્લિમ જેહાદીઓના પ્રવેશ અટકાવી અને પડકાર્યા છે. વિશ્વના શાસકો અને પક્ષીય સંગઠનો ચરમપંથીઓના હાથમાં રમી ન જાય તે વૈશ્વિક નેતાગીરીએ જોવાનું છે. વૈશ્વિક સ્તરે આવાં સંગઠનોના વિકાસથી ચેતવાની આવશ્યકતા છે. લાંબા સમય સુધી કોઈ એક જાતિ, કોઈ એક દેશ કે વિશ્વનો કોઈ એક હિસ્સો ભયના ઓથાર હેઠળ ન જ જીવી શકે.

– રક્ષા મ. વ્યાસ

# ચક્રવર્તી શોધ : LED

ભૌતિકવિજ્ઞાનનું ૨૦૧૪નું નોબેલ પારિતોષિક માનવજાતને ટ્રાન્ઝિસ્ટર જેવી જ અમૂલ્ય ભેટ આપનાર ત્રણ વૈજ્ઞાનિકોને મળે છે. તેનો ઉપયોગ પ્રકાશના ઉપકરણ તરીકે સર્વવ્યાપી, સસ્તો, ટકાઉ અને ઊર્જાબચાવ કરનારો છે. તે પારિતોષિક તો ઑક્ટોબર ૨૦૧૪માં હમણાં જ જાહેર થયું; પરંતુ તેનાં ઉપકરણોનો તો આપણે ઠેર ઠેર ઉપયોગ કરી રહ્યા છીએ. આજે ઠેર ઠેર રંગબેરંગી પ્રકાશિત બલ્બની રોશની જોવા મળે છે તે તેના કારણે છે. આલ્ફ્રેડ નોબેલના હૃદયને સ્પર્શે તેવી આ શોધ છે. ડાયનેમાઇટની વિધ્વંસક શોધથી મબલખ ધન કમાનાર આલ્ફ્રેડ નોબેલે પોતાની સંપત્તિ ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, તબીબી વિજ્ઞાનમાં માનવજાત સૌથી વધારે લાભ આપે તેવા સંશોધન માટે પારિતોષિક એનાયત કરવામાં તેના વ્યાજની વહેંચણી કરવી તેમ જણાવેલું. આ વર્ષે ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક બ્લૂ લેડ(Blue LED)ની શોધ માટે ત્રણ વૈજ્ઞાનિકોને એનાયત કરવાનું જાહેર થયું છે. આ પારિતોષિકો 'રૉયલ સ્વીડિશ એકેડેમી ઑવ્ સાયંસીઝ' એનાયત કરે છે. તેણે જાહેર કર્યું કે તેમની શોધો ક્રાંતિકારી છે. ઇન્કેન્ડેસન્ટ (Incadescent) અર્થાત્ તાપદીપ્ત બલ્બે (થોમસ આલ્વા એડિસને શોધેલ બલ્બે) આ દુનિયાની વીસમી સદી અજવાળી. જ્યારે એકવીસમી સદી LED લૅમ્પ અજવાળશે.

વીસ વર્ષ પહેલાંની મહેનત અને જહેમત બાદ જેમને નોબેલ પારિતોષિક એનાયત થયાં તેમનાં નામ ઇસીયુ આકાસાકી (મેઇજો યુનિવર્સિટી અને નાગોયા યુનિવર્સિટી); હિરોશિ અમાનો (નાગોયા યુનિવર્સિટી) અને શુજિ નાકામુરા (યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, સાન્તા બાર્બરા). તેમણે વીસ વર્ષ અગાઉ બ્લૂ-લેડ(Blue LED)ની શોધ કરી હતી. (તેનું પૂરું નામ Blue Light Emitting Diode.)

બ્લૂ લેડની લાંબા સમયથી રાહ જોવાતી હતી. રેડ અને ગ્રીન (Red and Green, એટલે કે લાલ અને લીલો પ્રકાશ આપતી) તો ઘણા વખતથી શોધાઈ ગઈ હતી. બ્લૂ લેડની શોધથી ત્રણ રંગોની LEDનો ગણ (સમૂહ) તૈયાર થઈ ગયો. તેનાથી શ્વેત પ્રકાશ ઉત્પન્ન કરાયો. આ શ્વેત પ્રકાશ પર્યાવરણમાં પ્રદૂષણ કરતો નથી. ઊર્જાની બચત કરે છે. બ્લૂ લેડને લાલ અને લીલો પ્રકાશ ઉત્તેજિત કરે તેવા ફોસ્ફોર (સંદીપક) હોય છે. પરિણામે શ્વેત પ્રકાશ ઉત્પન્ન થાય.

LED મૂળભૂત રીતે p-type અને n-type જંક્શન (જોડાણ) ધરાવે છે. p-type અને n-type અર્ધવાહકો (સેમિ-કન્ડક્ટર) છે. p-typeના અર્ધવાહકો એવા હોય છે જેમાં કૃત્રિમ રીતે અશુદ્ધિ ઉમેરી હોય છે જેથી તેમાં તે અર્ધવાહક સ્ફટિકમાં પરમાણુ-પરમાણુ વચ્ચે ઇલેક્ટ્રૉન દ્વારા બંધ રચાયેલા હોય છે તેમાં અશુદ્ધિના કારણે જુદા જુદા બંધ(Bond)માં

એક એક ઇલેક્ટ્રૉન ખૂટે છે. તેની જગ્યા ખાલી રહે છે. તેને 'ગેપ' કહે છે. તેને 'હોલ' કહેવાય છે. હોલ પૉઝિટિવ ઇલેક્ટ્રૉનની જેમ વર્તે છે. અલબત્ત તે પૉઝિટિવ ઇલેક્ટ્રૉન નથી; પરંતુ તે પૉઝિટિવ વિદ્યુત ધરાવતું હોય તેમ વર્તે છે. તેથી તે અર્ધવાહક સ્ફટિકને p-type અર્ધવાહક કહે છે.

બીજા અર્ધવાહક સ્ફટિકમાં એવી અશુદ્ધિ ઉમેરવામાં આવે છે કે તેની સ્ફટિકની રચના રચાતા બંધમાં ઇલેક્ટ્રૉન વધે છે. ઇલેક્ટ્રૉન નેગેટિવ વિદ્યુત ધરાવતું હોવાથી તેને n-type અર્ધવાહક કહે છે.

આ બંને p-type અને n-typeના અર્ધવાહકોને જોડવામાં આવે છે. તેને p-n જંક્શન ડાયોડ કહે છે. જ્યારે જંક્શનની બંને બાજુ ઇલેક્ટ્રિક વૉલ્ટેજ લાગુ પાડતાં હોલ અને ઇલેક્ટ્રૉન જંક્શનની આરપાર વહેવા લાગે છે. તે વખતે હોલ અને ઇલેક્ટ્રૉન જોડાય છે. બંને પરસ્પર વિરોધી વિદ્યુત ધરાવતાં હોવાથી એકબીજાને રદ કરે છે. તે વખતે પ્રકાશનું ઉત્સર્જન કરે છે. આ રીતે LED પ્રકાશ ઉત્પન્ન કરે છે. તે પ્રકાશના કણ અર્થાત્ ફોટોન રૂપે ઉત્પન્ન થાય છે.

તે CFLની જેમ ટ્યૂબ લાઇટ કે પારાનો ઉપયોગ કરતા નથી. તેથી તેને ફેંકી દેતાં કે તોડતાં વાતાવરણમાં પારાનું પ્રદૂષણ થતું હોય છે. પારાનું પ્રદૂષણ બહુ ઝેરી હોય છે. વીજળીની તાપદીપ્ત (Incandescent) બલ્બની જેમ તેમાં ફિલામેન્ટ હોતું નથી. તાપદીપ્ત બલ્બ તેના કારણે ગરમ થતાં પ્રકાશ ઉત્સર્જિત કરે છે. તેમાં ફિલામેન્ટ ટંગ્સ્ટન ધાતુનું હોય છે. તેનું ગલનબિંદુ ઘણું ઊંચું હોય છે. આ બલ્બ વધારે ગરમી ઉત્પન્ન કરે છે અને ઓછો પ્રકાશ ઉત્પન્ન થાય છે. ૯૮ ટકા ગરમી ઉત્પન્ન થાય છે અને બે ટકા જ પ્રકાશ ઉત્પન્ન થાય છે. આમ તેમાં વિદ્યુત ઊર્જાનો મોટો વ્યય થાય છે.

તેની સામે LED સીધેસીધી વિદ્યુતને પ્રકાશના કણમાં રૂપાંતરિત કરે છે.

LED દ્વારા ઉત્સર્જિત થતા પ્રકાશના રંગને વૉલ્ટેજ લાગુ પાડતાં અધોરક્તથી પારજાંબલી સુધીની વિસ્તૃત રેન્જમાં મળે છે. લાલ રંગ અને લીલા રંગની LED તો ૧૯૫૦ના અંત સુધીમાં શોધાઈ ગઈ હતી. તેના 'ડિજિટલ ડિસ્પ્લે'માં વ્યાપક ઉપયોગ થવા લાગ્યા હતા.

જે જંક્શન મંદ બ્લૂ પ્રકાશનું ઉત્સર્જન કરતા હતા તે ૧૯૮૦ના અંતમાં આકાસાકિના જૂથના વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યા હતા; પરંતુ બ્લૂ-લેડ (Blue LED) શોધવામાં એવી અસાધારણ મુશ્કેલી લાગી કે જે નોંધપાત્ર તીવ્રતાવાળો બ્લૂ પ્રકાશ આપે. તેના કારણે બ્લૂ લેડ (Blue LED) બનાવવામાં ૧૯૯૦ની શરૂઆત સુધીનો અર્થાત્ દસ વર્ષનો સમય લાગ્યો.

૧૯૫૦ના દાયકામાં જે પદાર્થ સામાન્ય રીતે LED બનાવવા ઉપયોગમાં લેવામાં આવતો તે ગેલિયમ ફૉસ્ફાઇડ (GAP) હતો જેમાં Zn-O અથવા N જેવી અશુદ્ધિ ઉમેરવામાં

આવતી હતી. તેનાથી લાલ અને લીલો પ્રકાશ મળ્યો; પરંતુ બ્લૂ પ્રકાશ આપતી LED બનાવવી તે પડકાર હતો. એવું માનવાનું શરૂ થયું કે ગેલિયમ નાઇટ્રાઇડ એવો પદાર્થ છે જે બ્લૂ લેડ (Blue LED) બનાવવાની ક્ષમતા ધરાવે છે; પરંતુ GaN સ્ફટિકો બનાવવા અત્યંત કઠિન છે. બીજી પણ અનેક મુશ્કેલીઓ નડતી હતી. છેવટે ૧૯૯૪માં નાકામુરા અને તેના સહ-કાર્યકરોએ પડકાર ઝીલી લીધો. આપણે જાણીએ છીએ કે 'LED p-type અને n-type અર્ધવાહકોના જોડાણમાંથી બને છે. હવે તે માટે n-type સ્ફટિકો તો બની શક્યા પરંતુ p-type સ્ફટિક બનતા ન હતા. નાકામુરાએ સાદી ઉષ્માપ્રક્રિયાનો ઉપયોગ કર્યો. તેનાથી p-typeનું પડ બની શક્યું.

૧૯૯૪માં નાકામુરા અને તેના સહકાર્યકરોએ એક કાર્યક્ષમ ડબલ હીટેરોજંક્શન (વિષમ જોડાણ) બનાવ્યું જેમાં ઇન્ડિયમ અને એલ્યુમિનિયમનો ઉપયોગ ગેલિયમ નાઇટ્રાઇડ (In-GaN/AlGaN)માં અશુદ્ધિ તરીકે કરવામાં આવ્યો. તેનાથી સીધેસીધી કાર્યક્ષમ બ્લૂ લેડ (Blue LED) બની. તેના પરિણામે ઉપરોક્ત ત્રણ વિજ્ઞાનીઓને નોબેલ પારિતોષિક એનાયત કરવાનું જાહેર કરવામાં આવ્યું છે.

– વિહારી છાયા

---

(બારમા પાનાનું ચાલુ)

લોકો જાહેર સ્થળોએ કચરો નાખવાનું કે ગંદકી કરવાનું ટાળે તે માટેના પ્રયાસો કરવાના રહેશે. એ માટે અભિયાનો દ્વારા લોકશિક્ષણ એક ઉપયોગી સાધન છે, પણ તે પૂરતું અસરકારક ન થઈ શકે. લોકોને જાહેર માર્ગો પર ગંદકી કરતા રોકવા માટે કડક શિક્ષાત્મક પગલાં ચુસ્ત રીતે ભરવાં જ પડે. એ સિવાય તમાકુ ખાઈને ગમે ત્યાં પિચકારી મારતા કે કેળું ખાઈને તેની છાલ રસ્તા પર નાખતા લોકોને સર્વથા અટકાવી શકાય નહિ.

સમાપન કરીએ. લોકોને તેમના કચરાનો નિકાલ કરવાનો બહેતર વિકલ્પ ન આપવામાં આવે ત્યાં સુધી સ્વચ્છતાનું મૂલ્ય સમજતા લોકો પણ લાચારીથી જાહેર સ્થળે કચરો નાખતા રહેશે. આ બહેતર વિકલ્પ શાસકોએ પૂરો પાડવાનો છે. પણ કચરાનો સમુચિત નિકાલ સ્વચ્છ ભારતનું એક પાસું છે. ગંદા પાણીનો એવો જ સમુચિત નિકાલ તેનું બીજું પાસું છે અને મળમૂત્રના વિસર્જન માટેનો યોગ્ય પ્રબંધ તેનું ત્રીજું પાસું છે. આ બધાંમાં નાગરિકોની ભૂમિકાની તુલનામાં રાજ્ય-સરકારો અને સ્થાનિક સત્તામંડળોની કામગીરી વધારે મહત્ત્વની અને નિર્ણાયક છે. એ માટે આવશ્યક મોટું ખર્ચ થઈ શકે તે વાસ્તે નાગરિકોએ વધુ વેરો ભરવાની તત્પરતા દાખવવી પડશે અને શાસકોએ પણ સ્વચ્છતાનાં સર્વ પાસાંને ટોચની અગ્રતા આપીને જરૂરી નાણાં ફાળવવાં પડશે તેમજ એ નાણાં ઊગી નીકળે એ માટેનાં કૌશલ્યો અને પ્રામાણિકતા દાખવવાં પડશે.

– રમેશ શાહ

વર્તમાન

# ગરીબી અને અસ્વચ્છતા

ગરીબીની સાથે અનારોગ્ય, અજ્ઞાન (નિરક્ષરતા) અને અસ્વચ્છતા સંકળાયેલાં છે. આ એક મોટા સમુદાય વિશેનું અવલોકન છે. એમાં વ્યક્તિગત અપવાદો જરૂર મળી આવે. પ્રજાની ગરીબી અને તેની સાથે સંકળાયેલાં ઉપર્યુક્ત ત્રણ વાનાં વચ્ચેનો સંબંધ અટપટો અને વર્તુળાકારે ફરતો છે. પણ અહીં મારે ભારતને સ્વચ્છ કરવાના સંદર્ભમાં દેશની ગરીબી ક્યાં ક્યાં બાધક બની રહી છે તેની ચર્ચા કરવી છે. આ ચર્ચામાં દેશની નીચી માથાદીઠ આવકને દેશની ગરીબી ગણવામાં આવી છે.

રસ્તાઓ પર અને ખુલ્લી જગામાં કચરો જોઈને આપણે એક અસ્વચ્છતાપ્રિય પ્રજા છીએ એવી છાપ ઊભી થાય છે, પણ એ છાપમાં ક્યાં અને કેટલું તથ્ય છે તે તપાસવું પડે તેમ છે. આપણે જો ગરીબોનાં ઝૂંપડાંથી માંડીને શ્રીમંતોનાં ઘર અને આંગણાં તપાસીએ તો એ ચોખ્ખાં જ માલૂમ પડે છે. દિવાળી નિમિત્તે ગુજરાતનાં મોટા ભાગનાં કુટુંબો ઘરસફાઈનું અભિયાન ચલાવતાં જ હોય છે. આમ સ્વચ્છતાનું મૂલ્ય આપણે નથી સમજતાં એમ નહીં કહી શકીએ. પણ આપણા માર્ગો અને જાહેર ખુલ્લાં સ્થળો કચરા અને ગંદકીથી ભરેલાં હોય છે. આપણે આપણો કચરો જાહેર માર્ગો અને ખુલ્લી જગાઓ પર નાખતાં અચકાતા નથી, જાહેર સ્થળોની ગંદકી આપણને ખૂંચતી નથી. આપણા આ પરસ્પર વિરોધી વર્તનનો ખુલાસો શોધવાનો છે.

જે નગર કે ગામમાં પેદા થતા કચરાના નિકાલની સ્થાનિક શાસકોએ પૂરતી વ્યવસ્થા ન કરી હોય ત્યાં લોકોને પોતાનો કચરો જાહેર જગાઓ પર જ નાખવો પડે છે કેમ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેથી તેઓ ઇચ્છતા ન હોય તોપણ તેમને કચરો ગમે ત્યાં નાખવો પડે છે. યુરોપ-અમેરિકામાં જતા આપણા લોકો એ દેશોની સ્વચ્છતાથી પ્રભાવિત થઈને આવે છે, પણ એ સ્વચ્છતાના મૂળમાં સ્થાનિક સત્તામંડળોએ સર્જેલો કચરાના નિકાલનો જે વિસ્તૃત પ્રબંધ રહેલો છે તેને તેઓ નજરઅંદાજ કરે છે. એ દેશોમાં નાગરિકોને કચરો નાખવા માટેની નાનીમોટી પેટીઓ ઠેર ઠેર મૂકવામાં આવે છે. તેથી એ પેટીઓમાં કચરો નાખવા માટે નાગરિકોને દૂર જવું પડતું નથી. કચરાપેટીઓમાં એકઠા થતા કચરાને નિયમિત રીતે લઈ જવાનું અને કચરાનું વૈજ્ઞાનિક રીતે પ્રોસેસિંગ કરવાનું કાર્યક્ષમ વ્યવસ્થાપન પણ સ્થાનિક સત્તામંડળોએ ગોઠવ્યું હોય છે. આ માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવું પડે છે. વિકસિત દેશો એમની વધુ આવકને કારણે સરળતાથી એ ખર્ચનો બોજો ઉપાડી શકે છે; પણ ભારત જેવા ગરીબ દેશો એવી વિત્તીય ગુંજાશ ધરાવતા નથી. અમદાવાદ જેવા સાધનસંપન્ન શહેરનું કૉર્પોરેશન પણ માર્ગો પર તેમજ નાગરિકોના વસવાટના વિસ્તારોમાં થોડા થોડા અંતરે કચરાપેટીઓ મૂકી શક્યું નથી, તે તેનું એક ઉદાહરણ છે. આ સ્થિતિમાં લોકોને ખુલ્લી જગામાં કચરો નાખવો પડે છે.

અસ્વચ્છતાનું બીજું પાસું ગંદા પાણીના નિકાલનું છે. મોટાં નગરોની નગરપાલિકાઓ ગટર-વ્યવસ્થા કરી શકી છે, પણ નાનાં નગરો અને ગામડાંઓમાં જ્યાં પાઇપ દ્વારા પાણી પૂરું પાડવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે ત્યાં લોકોની પાણીની વપરાશ વધી છે પણ ગંદા પાણીના નિકાલનો આવશ્યક પ્રબંધ થઈ શક્યો નથી. તેથી શેરીઓમાં ગંદા પાણીની નીકો જોવા મળે છે. ગંદા પાણીને ચોખ્ખું કરવા અને તેમાંથી ખાતરો જેવી આડપેદાશો મેળવવા માટે મોટો યાંત્રિક પ્રબંધ કરવો પડે. પણ એ માટેની ગુંજાશ અને વ્યવસ્થાપનશક્તિ નાની નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતો ધરાવતી નથી.

ગટર-વ્યવસ્થા ધરાવતાં નગરોને પણ જો પાસે વહેતી નદીનો લાભ મળતો હોય તો ગંદા પાણીની પૂરી માવજત કર્યા વિના તેઓ એ પાણીને નદીમાં વહેતું મૂકે છે. આ રીતે આપણી અનેક નદીઓને આપણે ગટરોમાં ફેરવી નાખી છે. આ અસ્વચ્છતા માટે નાગરિકો જવાબદાર નથી, પણ સત્તાધીશો જવાબદાર છે. અલબત્ત, આ પ્રશ્ન કેવળ તેમની વૃત્તિનો નથી, નાણાકીય શક્તિનો પણ છે. આ નાણાકીય અશક્તિ માટે આપણી એકંદર ગરીબી કારણભૂત છે.

આપણે ત્યાં ગંદકીનો એક મોટો સ્રોત ખુલ્લામાં મળમૂત્રના વિસર્જનનો છે. આપણા જમીનમાર્ગો પર સરકારો દ્વારા ટૉઇલેટનો પ્રબંધ ભાગ્યે જ કરવામાં આવે છે. પ્રવાસીઓને કુદરતી હાજત માટે રસ્તા પર આવતી હોટલો કે પેટ્રોલપંપો દ્વારા બનાવવામાં આવેલાં ટૉઇલેટ પર આધાર રાખવો પડે છે અથવા ખુલ્લામાં જવું પડે છે. આપણાં શહેરોમાં પણ માર્ગો પર ટૉઇલેટની સગવડ શોધવી પડે. જ્યાં હોય છે ત્યાં પણ નગરપાલિકાઓ દ્વારા તેમને સારી રીતે નિભાવવામાં આવતાં ન હોવાથી તેમનો ઉપયોગ થઈ શકતો નથી.

આપણા દેશમાં ખુલ્લામાં મળવિસર્જન અંશતઃ લોકોની ગરીબી અને ઘણે અંશે લોકોની આદત સાથે સંકળાયેલું છે. દુનિયાના અનેક ગરીબ દેશોની તુલનામાં ભારતમાં ખુલ્લામાં મળવિસર્જન કરતા લોકોનું પ્રમાણ ઠીક ઠીક વધારે છે. ૨૦૧૨માં થયેલી એક મોજણી પ્રમાણે ખુલ્લામાં મળવિસર્જન કરતા લોકોનું પ્રમાણ ભારતમાં ૪૮ ટકા છે, જ્યારે કોંગો જેવા અતિ ગરીબ દેશમાં તે પ્રમાણ આઠ ટકા અને બાંગ્લાદેશમાં ત્રણ ટકા છે. આ હકીકત દર્શાવે છે કે આમાં આપણી પરંપરા પણ ઓછી જવાબદાર નથી, પણ ગ્રામીણ વિસ્તારોમાં તેમજ નગરવિસ્તારોની ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં મોટા ભાગનાં કુટુંબો પાસે સંડાસ બાંધવા માટેની જગા અને એ માટે નાણાકીય ગુંજાશ જ નથી. તેથી તેઓ ઇચ્છે તોપણ ખુલ્લામાં મળવિસર્જન કરવાનો વિકલ્પ તેમને આજે સુલભ નથી.

બેશક, સ્વચ્છતા માટે આપણી સરકારો પૂરતો નાણાકીય પ્રબંધ કરે અને એ માટેનું કાર્યદક્ષ વ્યવસ્થાપન ગોઠવે, એની સાથે લોકોમાં સ્વચ્છતા માટે આગ્રહ કેળવાય અને

**(અનુસંધાન દસમા પાને)**

## નવું વાચન

# પ્રયોગશીલ કલાકારની જીવનયાત્રા

નસીરુદ્દીન શાહના નામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હોઈ શકે. ભારતીય સિનેમાના પરંપરાગત સફળ નીવડેલા નટોમાં તે એક સાવ અલગ અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. હાલમાં તેના વ્યક્તિગત જીવન તેમજ વ્યાવસાયિક ક્ષેત્રે તેણે ખેડેલા સંઘર્ષ અને મેળવેલ સિદ્ધિઓને આલેખતાં સંસ્મરણોનું પુસ્તક 'And Then One Day - A Memoir' પ્રગટ થયું છે. એકી બેઠકે વાંચવા પ્રેરે તેવું અત્યંત રસપ્રદ પુસ્તક છે. જો આ સંસ્મરણો તેણે જાતે જ લખ્યાં હોય અને કોઈ પાસે લખાવ્યાં ન હોય તો કહેવું પડે કે ખૂબ જ રસપ્રદ ભાષા, સતત જકડી રાખનાર શૈલી અને અત્યંત મૌલિક અભિવ્યક્તિ છે. તેની સૌથી ધ્યાનાકર્ષક બાબત તેમાં સળંગ પ્રગટ થતી નસીરુદ્દીનની નખશિખ પ્રામાણિકતા અને પારદર્શિતા. તે જે કંઈ જીવ્યો છે, જે કંઈ વિચાર્યું કે કર્યું છે - સારું-નઠારું, સાચું-ખોટું – તેના ચાહકો તેના વિશે શું ધારશે, શું વિચારશે તેની લગીરેય પરવા કર્યા વિના બધું જ સાફ, સ્પષ્ટ અને નિખાલસભાવે કહી દીધું છે.

સમગ્ર પુસ્તકમાં પાને પાને અભિનયક્ષેત્રે યાદગાર કામ કરી જવાની તેની અદમ્ય ઝંખના દેખા દેતી રહે છે. તેના આ ધ્યેયની પૂર્તિ માટે તે ગમે તે સહન કરવા કે ગમે તેનો ભોગ આપવા તૈયાર છે - પિતા પ્રત્યે કઠોર બનીને, પરિવારથી વિછોડાઈ જઈને, તેની સગર્ભા પત્નીને ઉવેખીને, તેની નવી જન્મેલી બાળકીથી અળગા રહીને, સામાન્ય સુખસગવડોને પણ ભૂલી જઈને, આર્થિક તંગીનો કપરો સામનો કરીને, ક્યારેક તો આત્મસન્માનનો પણ ભોગ આપીને એ પોતાનું ઇચ્છિત મેળવવા સંઘર્ષ કરતો રહ્યો છે. એવું નથી કે તેને માબાપ જોડે કે ઘરના સદસ્યો જોડે લગાવ નથી. એક પુત્ર તરીકે કે અકસ્માતે બની ગયેલા એક બાળકીના પિતા તરીકે એ શક્ય ત્યાં સુધી તેની ફરજ નિભાવવા પૂરા પ્રયાસો કરે છે. પણ તેના લક્ષ્ય કે ધ્યેય સાથે તે કોઈ જ રીતે સમજૂતી કરવા તૈયાર નથી.

નસીરનો જન્મ લખનઉ પાસેના ગામ બારાબંકીમાં વર્ષ ૧૯૪૯માં થયેલો. દેશને આઝાદી મળી ત્યારે તેના પિતા બ્રિટિશ સરકારની પ્રાન્તીય નાગરિક સેવામાં ઉચ્ચ પદે નોકરી કરતા હતા. દેશનું વિભાજન થતાં જ તેના અનેક સગાંસંબંધીઓ પાકિસ્તાન સ્થળાંતર કરી ગયા પણ નસીરના પિતાએ મક્કમ રીતે ભારતમાં જ રહેવાનો નિર્ણય લીધો. નસીરના ભણવા પાછળ તેના પિતા પુષ્કળ ખર્ચ કરવા તૈયાર હતા પણ નસીરને ભણવામાં બિલકુલ રસ નહોતો. ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો તેને સાવ નકામા ને બિનઉપયોગી લાગતા હતા. દર વર્ષે પરીક્ષાઓમાં તેનું નબળું રિપોર્ટ કાર્ડ જોઈને તેના પિતા રોષે ભરાતા પણ નસીરને જાણે તેનાથી કોઈ ફરક નહોતો પડતો. તેનું લક્ષ્ય કંઈક નોખું હતું.

શરૂથી જ નસીરે ખ્રિસ્તી મિશનરીઓની શિક્ષણસંસ્થાઓમાં અભ્યાસ કરેલો. પરિણામે નાનપણથી જ તેનું અંગ્રેજી ખૂબ જ સારું વિકસ્યું. અંગ્રેજી સાહિત્યમાં પણ તેને ખૂબ રસ પડતો. ઘરમાં મોટા ભાગે ઉર્દૂ ભાષા વપરાતી અને ભણવામાં અંગ્રેજી – આમ

ઉર્દૂ અને અંગ્રેજી બંને ભાષાઓ પર તેનું પ્રભુત્વ રહેવા પામ્યું. સદ્નસીબે તેને શાળા-કૉલેજમાં શિક્ષકો પણ ખૂબ જ સારા મળ્યા જેમણે તેના અંગ્રેજી ઉચ્ચારો અને બોલવાની લઢણ શીખવામાં ખૂબ મદદ કરી. આ જ શિક્ષકોએ તેને શેક્સપિયર, બર્નાર્ડ શૉ, આયોનેસ્કો, પિરાન્દેલો વગેરેનાં નાટકો વાંચવા તેમજ પછીથી ભજવવા માટે પ્રોત્સાહિત કર્યો. આ ઉપરાંત નાનપણમાં તેણે બ્રિટિશ નટ મૅનેજર જ્યૉફ્રી કેન્ડાલે (વિખ્યાત નટ શશી કપૂરના સસરા) ભજવેલ શેક્સપિયરનાં નાટકો જોયેલાં જેમાં કેન્ડાલના અભિનયથી તે મુગ્ધ થઈ ગયેલો.

નાટક ઉપરાંત નાનપણથી જ તેને હિન્દીને બદલે અંગ્રેજી ફિલ્મો જોવામાં ખૂબ રસ હતો. ગમે ત્યાંથી ટિકિટ પૂરતા પૈસા મેળવીને તે ફિલ્મો જોવા દોડી જતો. એ સમયના હૉલિવુડના કેટલાક પ્રખ્યાત નટોનો અભિનય જોઈને તેને લાગતું કે તક મળ્યે તે પણ એમના જેવો અભિનય કરી શકે તેમ છે. હિન્દી ફિલ્મોમાં નસીરને દારાસિંગની ફિલ્મો બહુ ગમતી. નટોમાં તે દિલીપકુમાર, મોતીલાલ, બલરાજ સહાની, યાકુબ વગેરેના કુદરતસહજ અભિનયથી આકર્ષાયેલો. હિન્દી ફિલ્મ મૅગેઝિનો પાછળ પણ તે સારો એવો ખર્ચ કરતો.

તે હંમેશાં ઘરના અરીસામાં પોતાને નીરખ્યા કરતો અને વિચારતો કે નટ તરીકે તેનો ચહેરો, કદ વગેરે એક પ્રસિદ્ધ નટ બનવાને લાયક છે કે નહીં ? તે જાણતો હતો કે ફિલ્મી પરંપરાના સંદર્ભે તે જરાય દેખાવડો નહોતો. તેની નાનકડી દાઢી, ગૂંચળિયા જથ્થાબંધ વાળ, સામાન્ય ઊંચાઈ તેને કોઈ રીતે હીરો બનવા દે તેમ નહોતાં ! પરંતુ તેની જાત પ્રત્યે અને ખાસ તો તેની અભિનયશક્તિ અંગે તેને કોઈ ગજબનો આત્મવિશ્વાસ હતો. તેને માત્ર કોઈક તક આપનારની જરૂર હતી. આ બાજુ નસીરના પિતા સૌ કોઈના પિતાની જેમ ઇચ્છતા કે તેનો પુત્ર સારું ભણીગણીને ઉચ્ચ હોદ્દા પર સરકારી નોકરી કરે. પણ નસીરનું ખેંચાણ સાવ બીજી જ દિશામાં હતું જે તેના પિતા ક્યારેય સમજી શકે તેમ નહોતા. પરંપરાગત જીવવા ને વિચારવા ટેવાયેલા તેના પિતા સાથે નસીરને વર્ષો સુધી ઉગ્ર મતભેદો રહ્યા. એક દિવસ કાચી વયે કોઈને કહ્યા વગર નસીર પહેર્યે કપડે ઘર છોડી મુંબઈ પહોંચી ગયો.

મુંબઈમાં તે કોઈ દૂરના ઓળખીતાના ઘરે રહ્યો અને ફિલ્મોમાં કામ મેળવવા આંટાફેરા શરૂ કર્યા. તે વખતે તેની ઉંમર ફક્ત ૧૮-૧૯ વર્ષની, ખીસામાં નામ માત્રના પૈસા અને મુંબઈ જેવા મહાનગરમાં રહીને ફિલ્મોમાં કામ મેળવવાનાં ઊંચાં ઊંચાં સપનાં ! શરૂમાં તેણે રાજેન્દ્રકુમારની ફિલ્મ 'પાલખી' અને રાજ કપૂરની 'સપનોં કા સૌદાગર'માં ટોળાંઓનાં દૃશ્યોમાં ઊભા રહી સાવ સામાન્ય ભૂમિકાઓ ભજવી. ખાવા-પીવા અને રહેવા-કરવાની ગંભીર મુશ્કેલીઓ છતાં એ મક્કમ રીતે ટકી રહ્યો. પણ કમનસીબે કોઈનું ધ્યાન તેની અભિનયકલા તરફ ગયું નહીં. આ ગાળામાં કોઈકના પરિચયથી તે દિલીપકુમારના ઘરમાં પણ રહેલો. એક-દોઢ મહિનાની રઝળપાટ બાદ આખરે ચિંતાતુર પિતાએ કોઈક રીતે તેની ભાળ મેળવી અને તેને ઘરે પાછો બોલાવી લીધો.

૧૯૬૯માં નસીરે દિલ્હીમાં તેના એક મિત્ર સાથે નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા દ્વારા જર્મન દિગ્દર્શક કાર્લ વેબરે તૈયાર કરાવેલ બ્રેખ્તનું નાટક 'કૉકેશિયન ચૉક સર્કલ' જોયું અને તે દંગ રહી ગયો. તેમાં ધૂની અને ગાંડિયા જેવા દેખાતા ન્યાયાધીશ અઝદકની ભૂમિકા જોઈને તેને વિશ્વાસ બેસી ગયો કે 'આ રોલ મારા માટે જ છે !' વિખ્યાત રંગમંચ કલાકારો ઓમ શિવપુરી અને સુધા શિવપુરી આ જ સ્કૂલમાં ભણેલાં. વધુમાં તેને જાણવા મળ્યું કે ભણવા માટે સ્કૂલ માસિક રૂ. ૨૦૦ શિષ્યવૃત્તિ પણ આપે છે. ભવિષ્યમાં ઍક્ટર બનવા માટે આમતેમ રઝળપાટ કરવાને બદલે નાટ્યતાલીમનો આ માર્ગ તેને વધારે ઉચિત લાગ્યો. બધું વિચારીને અંતે તેણે એન.એસ.ડી.માં પ્રવેશ મેળવી લીધો.

એન.એસ.ડી.માં તેને પ્રથમ વર્ષમાં જ અલ્કાઝી જેવા સિદ્ધહસ્ત દિગ્દર્શકના માર્ગદર્શન હેઠળ વિવિધ નાટકોમાં ઉત્તમોત્તમ ભૂમિકાઓ કરવા મળી. નસીરની બુદ્ધિમત્તાથી પ્રભાવિત થયેલા અલ્કાઝીએ તેને બીજા વર્ષથી અભિનયને બદલે દિગ્દર્શન વિષય પસંદ કરવાની સલાહ આપી. નસીરને ફક્ત અભિનયમાં જ રસ હતો. પણ અલ્કાઝીના આગ્રહને માન આપી દિગ્દર્શનના વર્ગો ભર્યા. પરંતુ તેને તો શરૂથી જ સ્ટેજ પર, લાઇમલાઇટમાં, સેંકડો પ્રેક્ષકોની નજર સામે આવવાની ઝંખના હતી. અંતે અલ્કાઝીએ તેને ફરી અભિનયમાં જવાની છૂટ આપી. તે સમયે નસીરનો એક ખાસ નિકટનો મિત્ર હતો જશપાલ. નસીર જેવો જ હોનહાર ઍક્ટર. સ્કૂલમાં શાહ-જશપાલની જોડી તરીકે જ તેઓ મશહૂર હતા. બંને સાથે જ ભવિષ્યનાં સોનેરી સપનાં જોતા. એન.એસ.ડી.માં શિક્ષણ પૂરું કરીને શાહ-જશપાલ ફિલ્મોમાં વધુ નિશ્ચિત તક મેળવવાની આશાથી પૂના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટના અભિનય કોર્સમાં દાખલ થયા. દુનિયાભરની ઉત્તમ ક્લાસિક ફિલ્મો નિહાળી, કેટલાય જગપ્રસિદ્ધ નટોનો દમદાર અભિનય જોઈને તેની પોતાની મહત્ત્વાકાંક્ષા પણ સળવળતી રહી. ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટના છેલ્લા વર્ષમાં ડિપ્લોમા ફિલ્મના વિદ્યાર્થી-દિગ્દર્શકોએ અભિનયકોર્સમાં ભણતા વિદ્યાર્થીઓને તેમની ફિલ્મોમાં ન લેવાના નિર્ણયના વિરોધમાં સૌ વિદ્યાર્થીઓ શાહ-જશપાલની આગેવાની હેઠળ ભૂખહડતાળ પર ઊતર્યા.

અંતે તે વખતના ડાયરેક્ટર ગિરીશ કર્નાડે નસીરને ધરપત આપી કે તે બહારની ફિલ્મમાં તેને અને બીજાઓને કામ અપાવવા પ્રામાણિક પ્રયત્નો કરશે. કર્નાડના આ વચન પર હડતાળ પાછી ખેંચાઈ. પણ નસીરને એ માટે ભોગ બનાવવામાં આવ્યો કે તે ઇન્સ્ટિટ્યૂટના વડાઓના હાથે વેચાઈ ગયો છે અને બાકીના વિદ્યાર્થીઓનું તેણે અહિત કર્યું છે. ખાસ કરીને મિત્ર જશપાલને સૌથી વધારે આઘાત લાગ્યો. થોડા જ વખતમાં નસીરને શ્યામ બેનેગલે 'નિશાંત'માં ભૂમિકા આપી. તેની એ ભૂમિકાથી પ્રભાવિત થતાં તેને 'મંથન' મળી, પાછળથી 'ભૂમિકા' અને 'જુનૂન' જેવી ફિલ્મો મળી, કર્નાડની 'ગોધૂલિ'માં પણ કામ કરવાનો મોકો મળ્યો. આખરે દીર્ઘ સંઘર્ષકાળ વટાવ્યા બાદ નસીરના કામનો વ્યાપક સ્વીકાર થયો. તેને દેશ-વિદેશમાં ખૂબ કીર્તિ અને કલદાર સાંપડ્યાં. એ તેની કારકિર્દી માટે શ્યામ બેનેગલ, શેખર કપૂર, ગુલઝાર, સઈ પરાંજપે વગેરેને ખૂબ આદરથી જુએ છે.

વ્યાવસાયિક હિન્દી ફિલ્મો અને કલાત્મક ફિલ્મો વચ્ચે નસીરના મનમાં સદાય સંઘર્ષ અને ગૂંચવણો રહ્યાં. એક બાજુ તેને આર્ટફિલ્મ પૂરતા સીમિત નહોતું રહેવું તો બીજી બાજુ જે પ્રકારની ધંધાદારી ફોર્મ્યુલા સાથેની હિન્દી ફિલ્મો બનતી હતી તેની સામે નસીરના મનમાં ભારોભાર કચવાટ અને વિરોધ હતા. તેને ખૂબ પૈસા અને પ્રસિદ્ધિનો પણ મોહ હતો અને સામે ચાલુ ક્ષુલ્લક પ્રકારનું કામ કરવા પણ તે રાજી નહોતો. તેને તેની અભિનયકલાને પડકારરૂપ ભૂમિકાઓ જોઈતી હતી જે આ ચાલુ ફિલ્મોમાં ક્યાંય શક્ય નહોતું. તેમ છતાંય મનમાં કચવાટ ધરબીને તેણે અનેક ધંધાદારી ફિલ્મો કરી જેમાં કેટલીક નિષ્ફળ રહી તો કેટલીક ખૂબ સફળ. આજેય તે સ્વીકારે છે કે તે પોતાની જાતને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો ભાગ નથી ગણતો. સામે ઇન્ડસ્ટ્રીએ પણ તેનો પૂર્ણ સ્વીકાર નથી કર્યો એ સચ્ચાઈને પણ તે કબૂલે છે. તે સાફ કહે છે કે મુંબઈની ફિલ્મી દુનિયામાં તેને હંમેશાં 'આઉટસાઇડર' હોવાની લાગણી રહી છે. ફિલ્મી વર્તુળોમાં તેની છાપ જક્કી અને માથા ફરેલ માણસની રહી છે એ હકીકત તે જાણે છે પણ સાથે સાથે એમ પણ કહે છે કે આસપાસનું વાતાવરણ તેની બુદ્ધિ, સમજ અને સંવેદનશીલતાને અનુકૂળ નથી લાગતા જેનો ખુલ્લો વિરોધ કર્યા વગર પણ તે રહી શકે તેમ નથી.

ઉત્તમ અભિનય કરવાની પોતાની આગવી ભૂખ સંતોષવા નસીર રંગમંચ તરફ વળે છે. પરંતુ રંગમંચનું અર્થકારણ સાવ જુદું છે. ત્યાં પણ મોટો ખર્ચ કરીને નાટક કરવામાં કેટલું જોખમ રહેલું છે એ હકીકતથી તે પરિચિત છે. સત્યદેવ દૂબે સાથે કેટલાંક નાટકો કર્યાં બાદ તે બેન્જમિન ગિલાની સાથે 'મોટલી થિયેટર ગ્રૂપ' શરૂ કરે છે અને 'વેઇટિંગ ફોર ગોદો', 'ધ લેસન' અને 'ધ ઝૂ સ્ટોરી' જેવાં નાટકો ભજવે છે. તેના ઘનિષ્ઠ મિત્ર ઓમ પુરી સાથે 'મજમા' નામનું ગ્રૂપ બનાવીને 'ઉધ્વસ્ત ધર્મશાલા' ભજવે છે. પાછળથી નસીર અને રત્ના પોતાનું નાનકડું ગ્રૂપ બનાવી મંટો અને ઈસ્મત ચુગતાઈ જેવા લેખકોની વાર્તાઓ પરથી ઓછામાં ઓછા ખર્ચે અને ખપ પૂરતાં જ સાધનોની મદદથી એકાંકીઓ તૈયાર કરીને સફળ રીતે ભજવે છે.

પોતાના કેટલાક નિકટના પ્રેમસંબંધોની વાતો પણ તેણે આ સંસ્મરણોમાં અત્યંત પ્રામાણિકતાથી રજૂ કરી છે જે એક પ્રકારે ખ્રિસ્તીઓમાં હોય તે પ્રકારનાં કબૂલાતનામાં (cofessions) લાગે છે. અહીં નસીર એક ડગલું આગળ જઈ ખાનગીને બદલે જાહેરમાં પોતાની ઘોર નિષ્ફળતાઓ, પોતાની ખાસિયતો તેમજ કેટલાક ગંભીર દોષો ખુલ્લાં કરે છે. ૧૫ વર્ષની વયે વેશ્યાગમન, વળી એ જ આદતનું વારંવાર પુનરાવર્તન, ૨૦ વર્ષની ઉંમરે પોતાથી ૧૫ વર્ષ મોટી સ્ત્રી સાથે લગ્ન, ૨૧ વર્ષની ઉંમરે પિતા બનવું, પોતાનું મૂળ લક્ષ્ય હજુ પાર પાડવાનું છે તેને યાદ કરી પત્ની અને નવજાત બાળકીને ૧૪ વર્ષ સુધી છોડી જવાં, લાંબા સમય સુધી નશીલાં દ્રવ્યોના સેવનની લત, એક વખતના

(અનુસંધાન અઢારમા પાને)

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

❖ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે નવેમ્બર મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૯ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : શ્રી અરવિંદનું મહાકાવ્ય 'સાવિત્રી'
વક્તા : શ્રી રાજેન્દ્ર પટેલ

**૨૬ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : નૃત્ય પ્રસ્તુતિમાં સૌંદર્યનો આવિર્ભાવ
વક્તા : શ્રી કુમુદિની લાખિયા

## રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ

❖ **૧૪ નવેમ્બર ૨૦૧૪, શુક્રવાર : સવારે ૧૧-૦૦**

પંડિત નહેરુની જન્મજયંતી બાળદિન નિમિત્તે અને ગ્રંથાલય સપ્તાહના પ્રારંભે ધો. ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી છે. 'મારું પ્રિય પુસ્તક' એ વિશે.

❖ **૧૫ નવેમ્બર ૨૦૧૪, શનિવાર : સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૧૪ નવેમ્બર શુક્રવારથી ૨૦ નવેમ્બર ગુરુવાર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વકોશ ટ્રસ્ટ એના જ્ઞાન-પ્રસારનાં કાર્યો માટે ગ્રંથાલયોનો અને ગ્રંથપાલોનો સતત સાથ અને સહયોગ મેળવે છે. તે સંદર્ભમાં તા. ૧૫ નવેમ્બર સવારે ૧૦-૦૦ વાગ્યે ગુજરાત વિશ્વકોશભવનમાં એકદિવસીય ગ્રંથાલય પરિસંવાદ યોજવામાં આવ્યો છે. આ પરિસંવાદમાં બે વિશિષ્ટ વ્યાખ્યાન યોજવામાં આવ્યાં છે. જેમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ મૅનેજમેન્ટના મુખ્ય ગ્રંથપાલ ડૉ. એચ. અનિલકુમાર 'ભવિષ્યનું ગ્રંથાલય અને માહિતી સેવાઓ' ઉપર ચાવીરૂપ પ્રવચન આપશે. આ જ બેઠકમાં બીજું ચાવીરૂપ પ્રવચન 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ડિઝાઇન્સ'ના રિસર્ચ સેન્ટરના વડા ડૉ. શ્રેયસી પરીખ 'ઈ-રિસોર્સીસને કારણે ગ્રંથાલયોની બદલાતી ક્ષિતિજો' વિષય ઉપર આપશે.

આ ઉપરાંત 'ગ્રંથાલયો માટે વાચકલક્ષી અભિગમ – પ્રશ્નો અને નિરાકરણ' વિશે ચાર વક્તવ્યો પ્રસ્તુત થશે. 'ઉત્કૃષ્ટ ગ્રંથાલય સેવાઓમાં નવીન દૃષ્ટિકોણ' એ વિષય ઉપર એક પેનલ ચર્ચા તથા પ્રતિનિધિઓ સાથે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું છે.

❖ **૧૬, ૧૭ અને ૧૮ નવેમ્બર, ૨૦૧૪ : સવારે ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦**

જગતના વિશ્વકોશો, શબ્દકોશો તથા અન્ય પુસ્તકોનું પ્રદર્શન.

❖ **૨૦ નવેમ્બર, ૨૦૧૪, ગુરુવાર : સાંજે ૫-૦૦**

વક્તા : ડૉ. જે. એમ. નાયક (શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ, વલસાડ)
વિષય : વર્તમાન જીવન અને વાચનનો આનંદ.

## વિશ્વકોશ સ્થાપના દિવસ

૧૯૮૫ની ૨જી ડિસેમ્બરે વિશ્વકોશની સ્થાપના થઈ અને એને વિશ્વ સંસ્કૃતિ દિન તરીકે ઊજવવામાં આવે છે. એ સંદર્ભમાં નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે :

**◈ ૨ ડિસેમ્બર ૨૦૧૪, મંગળવાર : સાંજે ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં તૈયાર થયેલા 'ગુજરાતી વિશ્વકોશ' ગ્રંથ-૮ (પુનઃ સંસ્કરણ), 'બાળવિશ્વકોશ' ગ્રંથ-૫, 'મેઘનાદ સહા', 'ચીકુ' વગેરે ગ્રંથોનું વિમોચન તથા વિશ્વકોશની ઉપયોગિતા વિશે પ્રવચન.

**◈ ૩ ડિસેમ્બર ૨૦૧૪, બુધવાર : સાંજે ૬-૦૦**

વિદેશી કવિઓનાં ગુજરાતી ભાષામાં અનુવાદિત થયેલાં ગીતોની પ્રસ્તુતિ શ્રી અમર ભટ્ટ અને અન્ય કલાકારો દ્વારા.

**◈ ૪ ડિસેમ્બર ૨૦૧૪, ગુરુવાર : સાંજે ૫-૩૦**

શ્રી અનિલ રેલિયાના સંગ્રહમાં રહેલા પૅરિસના વિખ્યાત લુવ્ર મ્યુઝિયમનાં ચિત્રોની ફોટો ગ્રેવ્યોર રંગીન પ્રતોનું કલાવીથિકા(આર્ટ ગૅલરી)માં પ્રદર્શન તથા શ્રી અમિતાભ મડિયાનો એ વિશે વાર્તાલાપ.

---

**(સોળમા પાનાનું ચાલુ)**

જિગરજાન દોસ્ત જશપાલ દ્વારા નસીર પર છૂરીથી ઘાતક હુમલો અને છતાંય તેની વિરુદ્ધ પોલીસ કેસ કરવાની તેની અનિચ્છા વગેરે હકીકતો નસીરને એક નોખી જ માનવીય ભૂમિકા પર મૂકીને આપણને વાચકોને પણ તેનાં કૃત્યોના કાજી બન્યા વગર એટલા જ ખુલ્લા નિષ્પક્ષ મનથી વિચારવા પ્રેરે છે.

એક બુદ્ધિશાળી, વિચારશીલ, સંવેદનશીલ અને સદાય પ્રયોગશીલ કલાકારની જીવનયાત્રા કેટલી સંકુલ, કેટલી પીડાદાયી, કેટલી વિરોધાભાસી અને કેટલાં અટપટાં પરિમાણો દર્શાવતી હોઈ શકે તેનો અંદાજ આ સંસ્મરણો વાંચવાથી આવે છે.

– ભરત દવે

### વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❑

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999


દર માસની ૫મી તારીખે પ્રકાશિત

### ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ

# ગુજરાતી બાળવિશ્વકોશ






સાહિત્ય–કળા સમેત સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને ૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ બાળ–કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ–કિશોરો માટે આ અનોખી ભેટ પુરવાર થશે.










**બાળવિશ્વકોશના પાંચ ભાગની કુલ કિંમત રૂ. ૩,૮૦૦/– છે જે ૨૫ % ડિસ્કાઉન્ટથી મળશે.**

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ